# સંસ્કાર

સ્વામી વિવેકાનંદના બાળપણની ઘટના છે. પિતા વિશ્વનાથ દત્ત પ્રખ્યાત વકીલ હતા. તેઓ ઘોડાગાડીમાં બેસીને ન્યાયાલયમાં જતા હતા. સાથે બાળ નરેન્દ્ર પણ હતો. પિતાએ સહજભાવે નરેન્દ્રને પૂછ્યું, ‘તું મોટો થઈને શું બનવા માંગે છે?’

ઘોડાગાડીના સારથી સામે જોઈ નરેન્દ્રએ કહ્યું, ‘હું આના જેવો સારથી બનવા માગું છું.’



સારથીનો રુઆબદાર વેશ, માથે સાફો અને હાથમાં ચાબૂકને કારણે પિતા કરતાં સારથીનો પ્રભાવ નરેન્દ્રને વધુ લાગ્યો. પિતા કંઈ બોલ્યા નહીં.

સાંજે ઘેર આવીને વિશ્વનાથે પત્નીને કહ્યું, ‘આપણો નરેન્દ્ર ઘોડાગાડીનો સારથી બનવા માગે છે.’

નરેન્દ્રની માતા તેને દીવાનખાનામાં લગાવેલ ચિત્ર પાસે લઈ ગઈ અને કહ્યું, ‘ભલે તું સારથી બને, પણ આના જેવો બનજે.’

એ ચિત્ર હતું કુરુક્ષેત્રના મેદાનનું જ્યાં યુદ્ધભૂમિમાં કૌરવ–પાંડવોની સેનાની વચ્ચે અર્જુનનો રથ ઊભો હતો. ભગવાન શ્રીકૃષ્ણ હાથમાં ચાબૂક લઈ સારથી બની રથ હંકારતા હતા.

નરેન્દ્રે કહ્યું, ‘હા, મા હું આવો જ સારથી બનીશ.’

માતા બાળકની પ્રથમ ગુરુ હોય છે.

■